| PUBLICATION NAME : | Jai Hind |
|---|---|
| EDITION : | Ahmedabad |
| DATE : | 11/06/2023 |
| PAGE : | 2 |

# ઈડીઆઈઆઈ-ડીઆઈસીસીઆઈ દ્વારા રાષ્ટ્રીય કોન્કલેવ યોજાઈ



ગાંધીનગર, તા. ૧૦ ભારતની જી-૨૦ પ્રેસિડેન્સીમાં યુવાનોને સામેલ કરવા તથા તેમની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપવા આંત્રપ્રેન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ઈડીઆઈઆઈ અમદાવાદ તથા દલિત ઈન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી ડીઆઈસીસીઆઈ દ્વારા એમ્પાવરિંગ યુથ ફોસ્ટરિંગ ઈક્લૂઝન એન્ડ ડાયવર્સિટી વિષય પર રાષ્ટ્રીય કોન્કલેવનું આયોજન કરવામાં આવ્યું હતું. કોન્કલેવને સીઆઈડીબીઆઈ પણ સહયોગ મળ્યોહતો અને તેનું આયોજન યુવાનોને એમ્પાવર કરવા તેમને અર્થસભર ચર્ચા માટે મંચ પૂરો પાડવા, નોલેજ શેરિંગ માટે તથા ડાયવર્સિટી અને ઈક્લુઝન મજબુત બનાવવા કરવામાં આવ્યું હતું. કોન્કલેવના ઉદ્ઘાટન સમારંભમાં ડીઆઈસીસીઆઈના સ્થાપક ચેરમેન તથા ઈડીઆઈટી ના બોર્ડ મેમ્બર ડૉ. મિલિન્દ કામ્બલે યૂથ ૨૦ ક્વીનર સેક્રેટરિએટ અજય કશ્યપ એસઆઈડીબીઆઈના જનરલ મેનેજર સંજય ગુપ્તા, ડીઆઈસીસીઆઈ નેક્સ્ટજનના રાષ્ટ્રીય કન્વીનર મૈત્રેથી કામ્બલે તથા ઈડીઆઈઆઈના ડિરેકટર જનરલ ડૉ. સુનિલ શુક્લઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે ડૉ. મિલિન્દ કામ્બલેએ કહ્યું હતું કે જી-૨૦માં નાગરિકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો છે.